## ☐ કોણ માનશે?

ચિરાગ હતો આ ઘરનો એ કોણ માનશે ?
મહેમાન  હતો પળનો  એ કોણ માનશે ?

ખિલતાં પહેલાં ફૂલને કોણે તોડી  લીધું ?
માળી નિકળ્યો મહિનો એ કોણ માનશે ?

ચોરાય છે  ચીભડા વાડીના નિત નિત,
વાડ ગળી જવાનું કહો એ કોણ માનશે ?

આપ્યું નહિ દ્યાન એની વાતોને કોઇએ,
અવાજ હતો અંદરનો  એ કોણ માનશે?

નથી પાડ્યા આંસુ એકે એના મૃત્યુ પછી,
આંસુ ખૂટી ગયાનું કહો એ કોણ માનશે ?

સગાઇ ન સમજાઇ હતો એ પાસે જ્યારે,
યાદ કરી કરો ભજનો એ કોણ માનશે ?

યમના તેડાને જો રોકી શકાયું હોત તો,
મોભો હતો આ ઘરનો એ કોણ માનશે ?

ફાવી ગયું  જીવવું અંધકારમાં 'ચમન'
દિપક તો બૂઝાઇ  ગયો એ કોણ માનશે ?

૦ ચીમન પટેલ 'ચમન'
૧જાનયું'૦૭